# સ્ટડી રૂમ કઇ રીતે સજાવશો?




એક સ્ટડી રૂમ ત્યારે જ અર્થપૂર્ણ બને છે જયારે એ સ્પષ્ટ વિચારો અને શાંત ઊર્જાને ટેકો આપતાં હોય. એને ડિઝાઈનર વસ્તુઓ કે લેટેસ્ટ ડેકોર ટ્રેન્ડસથી ભરવાની જરૂર નથી. એ જગ્યા તમને કેવું મહેસૂસ કરાવે છે, ધ્યાન કેન્દ્રિત કરે છે, હળવા બનાવે છે અને શીખવા માટે તૈયાર કરે છે એ વધુ મહત્ત્વનું છે. યોગ્ય વાતાવરણ બાળકોને સારી રીતે ધ્યાન કેન્દ્રિત કરવામાં, ટીનેજરને અભ્યાસના લાંબા કલાકો દરમ્યાન પ્રેરિત રહેવામાં મદદ કરી શકે છે અને માતાપિતાને પોતાના સંતાનને માર્ગદર્શન આપવા કે કામ કરવા માટે એક જગ્યા આપી શકે છે.

કેટલીક વાર એક પિનબોર્ડ, બારી નજીક પ્લાન્ટ અથવા સોફટ લાઈટિંગ જેવા સામાન્ય ફેરફાર એક રેગ્યુલર કોર્નરને આકર્ષક સ્ટડી સ્પેસમાં ફેરવી શકે છે. બાળકોને રમતિયાળ છતાં વ્યવસ્થિત હોય એવી જગ્યા ગમે છે. ટીનેજરને તેમની વધતી સ્વતંત્રતા દર્શાવી શકે એવા માહોલની જરૂરત હોઈ શકે છે. ટીન્સ મોટા ભાગે તેમની સ્ટાઈલ સાથે મેચ થાય એવા વ્યક્તિગત ટચવાળો સ્ટડીરૂમ ઈચ્છે છે. વય ભલે ગમે તે હોય એક વિચારપૂર્વકની જગ્યા આત્મવિશ્વાસ વધારી શકે છે.

સ્ટડી રૂમ ડિઝાઈન કરતી વખતે તમારે કામ કરવા માટે માત્ર ખુરશી-ટેબલની જ જરૂર નથી. એ સજાવતી વખતે અસંખ્ય નાનીમોટી બાબતો ધ્યાન રાખવી જરૂરી છે. તમને બોલ્ડ કલર પસંદ હોય કે તમે મિનિમલિસ્ટિક હો, તમારા સ્ટડી રૂમને તમારા વ્યક્તિત્વનો સ્પર્શ આપવો જરૂરી છે.

સ્ટડી રૂમ એક પર્સનલ ઝોન જેવો મહેસૂસ થવો જોઈએ. જયાં ધ્યાન સ્વાભાવિક રીતે કેન્દ્રિત થાય અને વિક્ષેપ દૂર રહે. તમે સ્પષ્ટતાથી વિચારી શકો, શાંત રહી શકો અને પ્રેરિત રહો એવી એ જગ્યા હોવી જોઈએ. સ્ટડી ટાઈમને વધારે આનંદદાયક અને ઉત્પાદક બનાવવા માટે કેટલાક આઈડિયાઝ જોઈએ.

## થીમ બેઝડ કોર્નસ

નેચર, યાત્રા, અંતરિક્ષ કે પુસ્તકો જેવો કોઇ એક થીમ રાખો. એનાથી મનને વધારે ઉત્તેજીત કર્યા વગર દશ્ય રુચિ ઉત્પન્ન થાય છે. પૃથ્વીનો ગોળો, મેપ, વોલપેપર, વૃક્ષના આકારનું બુક શેલ્ફ કલ્પનાશક્તિ જગાડી શકે છે. નાનાં બાળકો માટે જંગલ અથવા આકાશના થીમવાળી દીવાલ આશ્ચર્યની ભાવના ઉત્પન્ન કરે છે. ટીનએજર માટે સૂક્ષ્મ પેટર્ન અથવા ટેકસચર્ડ પેનલ્સ નિસ્તેજ થયા વગર પરિપકવતા ઉમેરે છે.


એક સાથે બધા થીમ રાખવાની કોશિશ કરો નહિ. એનાથી રૂમ અવ્યવસ્થિત લાગશે. એક જ થીમ પસંદ કરી એને મિનિમલ રાખવાનો પ્રયાસ  કરો.

## મિનિમલ ડેસ્ક, મેકિસમ ફોકસ

એવું ડેસ્ક પસંદ કરો જેમાં વધારે બીજું કંઇ નહિ પરંતુ અભ્યાસ માટે જરૂરી વસ્તુઓ રાખવાની પૂરતી જગ્યા હોય. ડેસ્કની નીચે સ્ટોરેજ, બોકિસસ રાખો અને નાની નાની ટ્રે કે સ્ટેન્ડસમાં સ્ટેશનરી મૂકી ડેસ્કને વ્યવસ્થિત રાખો. ટેબલ પર જેટલી ઓછી વસ્તુઓ હશે એટલું જ સ્પષ્ટતાથી વિચારવાનું આસાન થશે. વુડ, વ્હાઈટ, ગ્રે જેવી ન્યુટ્રલ ટોન્ડ સરફેસથી ધ્યાન અન્ય વસ્તુઓમાં ભટકવાને બદલે પુસ્તકોમાં કેન્દ્રિત રહેશે. એક આરામદાયક ડેસ્ક અને ખુરશી ઉત્પાદકતા વધારવામાં મદદ કરે છે.

## મૂડ સુધારવા માટે કલર ઝોન

આખા રૂમમાં બ્રાઈટ કલર કરવાને બદલે સોફટ કલર પસંદ કરો. દીવાલ માટે સ્કાય બ્લૂ, લવંડર કે લાઈટ પીચ જેવા શાંત કલર્સ પસંદ કરી શકાય અને પછી કુશન, ઘડિયાળ કે પેન્સિલ હોલ્ડરમાં યલો કે કોરલ જેવા ઊર્જાવાન કલર્સનો ઉપયોગ કરો. આ લેયર્ડ કલર ઈફેક્ટ જગ્યાને ભારે લાગવાને બદલે આનંદદાયક અને ખુશનુમા રાખે છે. લાઈટ કલર્સ રૂમને મોટો દર્શાવે છે અને મૂડને પણ સારો કરે છે.



## કસ્ટમ સ્ટડી વોલ

પ્રેરણા આપવા માટે એક દીવાલ સેટ કરો. આઈડિયાઝ, ટુ ડુ લિસ્ટ કે કવોટ્સ લખવા માટે ત્યાં રીમુવેબલ ચોક શીટ્સ કે વ્હાઈટ બોર્ડસ ચોંટાડો. પ્રોજેકટ નોટ્સ કે ચાર્ટ લગાડવા માટે મેગ્નેટિક બોર્ડનો ઉપયોગ કરો. આ ઈન્ટરેકિટવ જગ્યા શીખવાની સફરનો એક ભાગ બની જાય છે અને બાળકોની જરૂરતો સાથે વધે છે.

## પર્સનલ અચિવમેન્ટ શેલ્ફ

મેડલ્સ, ડ્રોઈંગ્સ કે સર્ટિફિકેટ રાખવા માટે એક ફલોટિંગ શેલ્ફ કે નાનો ડિસ્પ્લે રેક રાખો. દરરોજ પોતાની પ્રગતિ, સિદ્ધિ જોઈને મનમાં ને મનમાં પ્રેરણા વધી શકે છે. આ શેલ્ફ તમારા બાળક સાથે વિકસિત થવું જોઈએ. તેને માત્ર તેમની જીત જ નહિ પરંતુ એની શીખવાની કહાનીનું પ્રતિબિંબ બનાવો.

## મલ્ટી લાઈટિંગ સેટઅપ

દિવસના જુદા જુદા સમયને અનુરૂપ લાઈટ સોર્સિસના કોમ્બિનેશનનો ઉપયોગ કરો. ઓવરહેડ લાઈટ્સ જનરલ બ્રાઈટનેસ આપે છે પરંતુ એડજેસ્ટેબલ લાઈટિંગ સાથેના ટેબલલેમ્પ રીડીંગ કે લખવામાં મદદ કરે છે. બ્રેક ટાઈમમાં રીલેકસ્ડ મૂડ માટે લાવા લેમ્પ, હિમાલયન સોલ્ટ લેમ્પ કે LED સ્ટ્રીપ જેવી નાની એમ્બિયન્ટ લાઈટ લગાડો. સ્ટડી રૂમમાં યોગ્ય પ્રકાશ હોવો બહુ જરૂરી છે.

## ડેકોરેટ કરો

તમને લાગતું હોય કે ડેકોરેશન માત્ર લિવિંગ રૂમમાં જ થઇ શકે તો તમે ખોટા છો. સ્ટડી રૂમને પણ ફેન્સી રંગ, નાના નાના વોલ ડેકોરથી સજાવી શકાય છે. સ્ટડીરૂમને પર્સનાલિટી મુજબ સજાવો.

## બુક શેલ્ફ

સ્ટડી રૂમની એક દીવાલને બુક શેલ્ફ બનાવી શકાય અથવા એક કોર્નર પર બુક શેલ્ફ રાખી શકાય. આજકાલ તો જાતજાતના શેપમાં બુક શેલ્ફ મળે છે.

ઓછી જગ્યા હોય તો ફોલ્ડેડ ફર્નિચર

તમારી પાસે જગ્યા ઓછી હોય છતાં સ્ટડી રૂમ બનાવવા ઈચ્છતાં હો તો લાઈટ ફર્નિચર પસંદ કરો. તમે દીવાલ સાથે જોડાયેલું પાતળું, ફોલ્ડેબલ ટેબલ પણ રાખી શકો.



## પ્રકૃતિ પ્રેરિત સ્પર્શ

બહારના વાતાવરણને ઘરની અંદરના વાતાવરણ પર પ્રભાવ પાડવા દો. બારી પાસે પારદર્શક પડદા સાથે સ્ટડી ટેબલ રાખવાથી કુદરતી પ્રકાશ અને હવાની લહેરખી આવશે. વ્યસ્ત દિવસમાં એક છોડનું નાનું કૂંડું કે ફિશ બાઉલ મૂડ સુધારી દે છે.